બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# યાકૂબ, છેતરનાર

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus
અનુકૂલન : M. Kerr; Sarah S; Alastair Paterson
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org
BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2021 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

શું ઈશ્વરે તમારા કુટુંબમાં બાળકને જન્મ આપીને મોકલ્યું છે? એ કેટલું ઉત્તજેના વાળું હોય છે? ઈસ્હાક અને રીબેકાહ ને બમણો આનંદ થયો હશે. કારણ કે ઈશ્વર તેમને જોડીયા બાળકો આપવા જઈ રહ્યો હતો.



બંને બાળકોએ અંદર
બાઝાબાઝ માંડી હતી.
જ્યારે તેણીએ પ્રાર્થના
કરી, ત્યારે ઈશ્વરે તેને
જણાવ્યું કે તેના બંને
બાળકો - બે દેશને
દોરનાર થશે. તે
ઉપરાંત નાનો મોટા
કરતા સવાયો બનશે.
સામાન્ય રીતે મોટો
મહાન બનતો હોય છે.
આખરે બંને બાળકોનો
જન્મ થયો.



જોડીયા બાળકો એક સરખા ન હતા. એસાવ મોટો હતો, જેના શરીરે પુષ્કળ વાળ હતાં. જે મોટો થઈ શિકાર બનનાર હતો. જ્યારે યાકૂબ સુંવાળા શરીરવાળો હતો જેને ઘરની અંદર ખૂબ જ પસંદ હતું. પિતા ઈસ્હાકે એસાવ પર વધારે પ્રેમ કર્યો. જ્યારે માતાએ યાકૂબની તરફેણ કરી.



એક દિવસે એસાવ ભૂખ્યો થયો હતો. “મને જમવાનું આપ” તેણે યાકૂબને કહ્યું. “તારો જ્યેષ્ઠપણાનો અધિકાર મને વેચી દે.” યાકૂબે માંગણી કરી.

આ પ્રથમજનીતને આપેલા ઈશ્વરના આશીર્વાદોને એસાવે ગણકાર્યા નહીં. તેણે યાકૂબ સાથે વાત નક્કી કરી. હવે જ્યારે તેનો પિતા મરી ગયો ત્યારે યાકૂબ તેમના ઘરનો ધણી બન્યો.



દેવે એક રાત્રે ઈસ્હાક સાથે વાત કરી. "હું તારા પિતા, ઈબ્રાહીમનો દેવ છું. હું તારી સાથે રહીશ. હું તારા વંશજને આશીર્વાદિત કરીશ." જો કે ઈસ્હાક દેવની ઉપાસના કરતો હતો છતાં એસાવે હિત્તીઓના લોકોમાંથી પોતાના માટે પત્નીઓ લીધી, કે જે લોકો ઈશ્વરની દરકાર રાખનાર ન હતાં.





ઈસ્હાક જ્યારે વૃદ્ધ થઈ ગયો. “મારા માટે તાજા માંસનું ભોજન બનાવી લાવ” તેણે એસાવને કહ્યું. “ત્યારબાદ જમીને હું તને આશિષ આપું.” આ વિશીષ્ટ પ્રકારનો આશીર્વાદ પિતા પોતાના પ્રથમ પુત્રને આપતા હતાં. એસાવે શિકાર કરવા માટે ઉતાવળ કરી. પણ રીબેકાહે આ વાતને સાંભળી લીધી. તેણીની ઈચ્છા હતી કે આ આશીર્વાદ યાકૂબન પ્રાપ્ત થાય.



રીબેકાહે એ યોજના ઘડી.
જ્યારે રીબકાહ યાકૂબને
મનપસંદ ભોજન બનાવી રહી
હતી ત્યારે યાકૂબે એશાવના
કપડાં પહેર્યાં, પોતાના હાથે તથા
ગળે જાનવના રૂંવાવાળા કપડા
પહેરી લીધા. ઈસ્હાક બરાબર
જોઈ શકતો ન હતો. જેથી કરીને
તે બંને તેને છેતરી શકે.

યાકૂબ ઈસ્હાક માટે ભોજન તૈયાર
કરીને આવ્યો. “તારો અવાજ તો
યાકૂબ જેવો છે.” ઈસ્હાકે જવાબ
દીધો. “પણ તારો હાથ તો એસાવ
જેવો છે.” ભોજન કર્યા પછી,
તેની આગળ ઘૂંટણે પડેલા
તેના દીકરાને તેણે
આશીર્વાદ આપ્યો.



યાકૂબ ત્યાંથી નીકળ્યોને તરત જ એસાવ ત્યાં આવી પહોંચ્યો. “અહીં તમારું ભોજન છે, પિતાજી” તેણે કહ્યું. ઈસ્હાકને ખબર પડી કે તેને છેતરવામાં આવ્યો છે. “હું આશીર્વાદને બદલી શકતો નથી.” તેણે મોટેથી ઘાંટો પાડ્યો. એસાવનું હૃદય ગુસ્સાથી ભરપૂર થઈ ગયું. તેણે નક્કી કર્યું કે તે યાકૂબને મારી નાંખશે.



રીબેકાહે એસાવની આ ધમકી સાંભળી લીધી. “તૂં તારા મામાના ઘરે જતો રહે” તેણીએ યાકૂબને સમજાવ્યું. જ્યાં સુધી તારો ભાઈ આ બધું ભૂલી જાય ત્યાં સુધી તું ચાલ્યો જા. ઈસ્હાક પણ આ બાબતે સહમત થયો કે જેથી પોતાની માતાના કુટુંબમાંથી પત્ની પસંદ કરી શકે. જેથી યાકૂબ ઘર છોડીને નીકળી પડ્યો.



એ રાત્રે, યાકૂબે
પોતાના માથા નીચે પથ્થર
મૂકીને રડવા લાગ્યો. કદાચ
તે એકલો હતો. અને તેને
ભય લાગતો હશે. પણ
તે એકલો ન હતો.
ઈશ્વરે તેની સાથે
અદ્ભૂત સ્વપ્ન દ્વારા
વાત કરી.





“હું, તારા પિતૃઓ ઈબ્રાહીમ અને ઈસ્હાકનો દેવ છું.
હું તારી સાથે છું. હું તને આ ભૂમિ આપીશ. અને તારા
કુટુંબ દ્વારા દુનિયાના સર્વ કુટુંબો આશીર્વાદિત થશે.”
ઈશ્વરે તેની સાથે વાત કરી, અને તે જાગી ગયો. ને ગભરાઈ
ગયો.

યાકૂબના મામા લાબાને તેનું સ્વાગત કર્યું. યાકૂબે તેની પિતરાઈ રાહેલને પ્રેમ કરતો હતો અને તેણે સાત વર્ષ સુધી લાબાનની સેવા કરી. જેથી તે રાહેલ સાથે લગ્ન કરી શકે.



પણ લગ્નની રાત્રે લાબાને યાકૂબને છેતર્યો.

“આ તો લેઆહ છે, રાહેલ નથી” યાકૂબે ફરીયાદ કરી. “તમે મને છેતર્યો છે.” અમારે ત્યાં મોટી છોકરીનું પહેલા લગ્ન થાય છે, લાબાને જવાબ આપ્યો. “તૂં રાહેલ સાથે પણ લગ્ન કરી શકે છે, તેથી તારે બીજા સાત વર્ષ મારી સેવા કર.” યાકૂબ સંમત થયો. કદાચ તેની પોતાની છેતરપીંડી જે તેણે ઈસ્હાક અને એસાવ સાથે કરી હતી તે યાદ આવી હશે.



યાકૂબને અગ્યાર પુત્રો થયા. જેમ સમય પસાર થતો ગયો તે તેના કુટુંબને પોતાના ઘરે કનાનમાં લઈ જવા આતૂર બન્યો. તેના મા-બાપ ત્યાં હતા, પણ ત્યાં એસાવ પણ હતો, જેણે તેને મારી નાંખવાનું નક્કી કર્યું હતું.



શું આ પગલું સલામત હતુ? એક દિવસ ઈશ્વરે તેને પરત ફરવા માટે આજ્ઞા કરી. યાકૂબે પોતાનું કુટુંબ તથા જાનવરના ટોળા ભેગા કરીને પોતાના ઘરે જવા માટે નીકળી પડ્યો.



આ કેવી મુસાફરી હતી. એસાવ ચારસો માણસો સાથે મળવા માટે આવ્યો. પણ તેણે યાકૂબને કોઈ નુકશાન પહોંચાડ્યું નહીં. તેણે દોડીને યાકૂબને આલીંગન આપ્યું. યાકૂબ અને એસાવ ફરી મીત્રો બની ગયા. અને યાકૂબ પોતાના ઘરે પાછો આવી ગયો.



યાકૂબ, છેતરનાર

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૨૫-૩૩

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

6

60

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે.  તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬